ব

સાતફેરા સમુહ લગ્ન યોજના હેઠળ
આપવામાં આવતી સહાય બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૧૨૦૨૦/CM-212/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૦/૦૧/૨૦૨૨

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૮/૨૦૨૦નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૧૨૦૨૦/૫૩૪૫૩/ન.બા.-૬૮/અ.૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૪/૦૮/૨૦૨૦નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૨૦/૫૪૨૧૨/ન.બા.-૬૯/અ.૧.

(3) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૭/૨૦૨૦નો ઠરાવ ક્રમાંકઃ અજાક/૧૦૨૦૨૯/૬૨૯૫૨૩/ન.બા.-૨૧/ગ.

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૧૨૦૨૦/CM-212/અ.૧.

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૬/૨૦૨૧નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૧૨૦૨૦/CM-212/અ.૧.

ઠરાવઃ-

વંચાણે લીધે ક્રમાંક (૫) થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ તથા અનુસૂચિત જાતિ માટેની સાતફેરા સમુહ લગ્ન યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ પૂરતું એટલે કે તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી જો યુગલો પોતપોતાના ઘરે સાદાઇથી લગ્ન કરે અને તેનું આયોજન એક જ દિવસે એક જ સંસ્થા મારફત થનાર હોય તો તેને સમૂહલગ્ન ગણીને લાભાર્થી યુગલ તેમજ સંસ્થાને મળવાપાત્ર સહાય આપવા માટે મંજૂરી આપવામાં આવેલ હતી. હાલની કોવીડ-૧૯ની મહામારીની પરિસ્થિતી ધ્યાને લેતાં ઉક્ત ઠરાવની અવધિ લંબાવવાની બાબત સરકારશ્રીની વિચારણાં હેઠળ હતી.

આથી પુખ્ત વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ તથા અનુસૂચિત જાતિ માટેની સાતફેરા સમુહ લગ્ન યોજનાની અવધિ જો યુગલો પોતપોતાના ઘરે સાદાઇથી લગ્ન કરે અને તેનું આયોજન એક જ દિવસે એક જ સંસ્થા મારફત થનાર હોય તો તેને સમૂહલગ્ન ગણીને લાભાર્થી યુગલ તેમજ સંસ્થાને મળવાપાત્ર સહાય આપવા માટેની મુદત **તા.30/06/૨૦૨૨** સુધી લંબાવવા આથી ઠરાવવામાં આવે છે. તેમજ સાથોસાથ સમુહલગ્ન સંબંધિત ગૃહ વિભાગ તરફથી

(P.T.O.)

વખતોવખત બહાર પાડવામાં આવતા સૂચનાઓનો લાભકર્તા સંસ્થાઓ/યુગલોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

વંચાણે લીધે ક્રમાંક (૧), (૨), (૩) (૪) અને (૫) ના ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૧૦/૦૧/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) સંયુક્ત સચિવશ્રી(અનુસુચિત જાતિ કલ્યાણ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૧) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૨) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૩) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૪) સિલેકટ ફાઇલ-૨૦૨૨